### તા.૦૮.૧૦.૨૦૨૬

## Police Technical Cadre (Wireless) Update :

**Police Technical Cadreની લેખિત પરીક્ષાની Final Answer Key તથા ગુણ જાહેર કરવા બાબત**

(1) જાહેરાત ક્રમાંકઃGPRB/202526/2 અન્વયે તા.૨૩.૦૮.૨૦૨૬ના રોજ લેવામાં આવેલ Police Technical Cadre (Wireless PSI & T.O.)ની લેખિત પરીક્ષાની તા.૧૮.૦૯.૨૦૨૬ નારોજ જાહેર કરવામાં આવેલ Final Answer Keyમાં નીચે મુજબનો ફેરફાર થયેલ છે.

(A) માસ્ટર સેટ મુજબના પ્રશ્નપત્રના પ્રશ્ન નંબર:21ને રદ્દ કરવામાં આવે છે.

(B) હાજર રહેલ તમામ ઉમેદવારોને રદ્દ કરેલ પ્રશ્ન નંબર: 21 નો ૧ (એક) ગુણ મળવાપાત્ર રહેશે.

(2) લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારે પોતાના ગુણ જોવા માટે **અહીં કલીક કરો....**

(3) Technical Services ના તા.03.૧૦.૨૦૨૪ના પરીક્ષા નિયમો મુજબ જે ઉમેદવારો પોતાની OMR Sheetની પુનઃચકાસણી (રીચેકીંગ) કરાવવા ઇચ્છતાં હોય તેઓ ૭ (સાત) દિવસમાં નીચેના દસ્તાવેજો સાથે અરજી કરી શકશે.

(A) રીચેકીંગ ફી ના **રૂ. ૫૦૦/- "CHAIRMAN, GUJARAT POLICE RECRUITMENT BOARD" ના નામનો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડીમાન્ડ ડ્રાફટ Payable at GANDHINAGAR**

(B) કોલલેટરની ઝેરોક્ષ નકલ

(C) અરજી, જેમાં ઉમેદવારે પોતાનું નામ, કન્ફર્મેશન નંબર, રોલ નંબર, પ્રશ્ન પુસ્તીકા કોડ અને મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવાનું રહેશે.

(4) ઉપરોક્ત જણાવ્યા મુજબ રૂ.૫૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ તથા કોલલેટર સહિતની અરજી **તા. ૧૫.૧૦.૨૦૨૬ સુધીમાં રૂબરૂમાં અથવા સ્પીડ પોસ્ટ/કુરીયર દ્વારા ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબરઃ ગ-૧૨, સરિતા ઉદ્યાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર -૩૮૨૦૦૭ સરનામે મોકલી શકાશે. અધુરી માહિતી કે ખોટી માહિતી વાળા ડીમાન્ડ ડ્રાફટવાળી અરજી ધ્યાને લેવામાં આવશે નહી. અન્ય રીતે મળેલ અરજી કે તા.૧૫.૧૦.૨૦૨૬ બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવાશે નહીં.**

**ખાસ નોંધ:**

(1) લેખિત પરીક્ષા દરમ્યાન દરેક વર્ગખંડના CCTV કેમેરા રેકોર્ડીંગ ચકાસણીની કાર્યવાહી હાલમાં ચાલી રહેલ છે. જો કોઇ ગેરરીતી માલુમ પડશે તો સબંધિત ઉમેદવારની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે જે તમામને બંધનકર્તા રહેશે.

(2) તદ્ઉપરાંત સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઇપણ ઉમેદવારે, કોઇપણ તબકકે ગેરરીતી આચરેલ હોવાનું ધ્યાને આવશે અથવા પરીક્ષાના નિયમ વિરૂધ્ધ કોઇ કાર્યવાહી કરેલ હશે તો તેઓની ઉમેદવારી રદ્દ કરવામાં આવશે.

(3) સરકારશ્રી / નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.